# કર્મચારી કલ્યાણ મંડળ
## નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

મંત્રીઃ ડૉ. સી.કે.ટીમ્બડીયા, મંત્રીશ્રી મો.૯૭૨૫૦૦૬૦૧૨
કા.સભ્યઃ શ્રી સંજય રબારી, ખજાનચી મો.૯૭૨૪૩૦૧૨૭૬



નોંધણી ક્રમાંકઃઈ/૧૨૦૫/સુરત
તા.૩૧/૮/૧૯૮૮


# પરીપત્ર

આથી કર્મચારી કલ્યાણ મંડળ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ માનનીય આજીવન સભ્યશ્રીઓને સહર્ષ જણાવવાનું કે, દર વર્ષની પ્રણાલિકા મુજબ સને ૨૦૧૭–૧૮ ના વર્ષમાં આપશ્રીના પુત્ર/ પુત્રીઓએ શ્રેણી ૧થી ૧૨ ની પરિક્ષાઓ આપી હોય અને ઉતીર્ણ થયેલ હોય તેઓને મંડળ તરફથી પ્રોત્સાહીત કરવા માટે મેરીટના આધારે ઈનામો આપવાનું આયોજન કરેલ છે. આ માટેના સામાન્ય નિયમો નીચે મુજબ છે. તે ધ્યાન લઈ પોતાની અરજી સામેલ પ્રર્ફોમાં મુજબ તા.૫.૬.૨૦૧૮ને મંગળવાર સાંજના ચાર વાગ્યા સુધીમાં પ્રો. અમૃતભાઈ.એમ. પટેલ, મદદ. પ્રાધ્યા. સંશોધન નિયામકશ્રીની કચેરી, નવસારી તથા શ્રી એમ.કે.મલેક, ખેતીવાડી મદદનીશ, કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નવસારી અથવા શ્રી સંજય આર. રબારી, સી.કલાર્ક, ન.મ.કૃષિ મહાવિદ્યાલયને મોકલી આપવા વિનંતી છે. (અરજી સામેલ પ્રર્ફોમામાંજ સ્વીકારવામાં આવશે)

## સામાન્ય નિયમો

1. ઈનામ માટે અરજી કરનાર વિદ્યાર્થીઓના માતા/પિતા આજીવન સભ્યપદ મેળવેલ હોવું અનિવાર્ય છે. તા.૨૦.૪.૨૦૧૮ સુધીમાં મંડળની આજીવન સભ્ય ફી પુરેપુરી ભરેલ હોય તેઓ જ આ લાભ મેળવવાને પાત્ર રહેશે.
2. શ્રેણી ૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧, અને ૧૨ની પરીક્ષામાં જે વિદ્યાર્થી ૭૦%(સીતેર ટકા) કે તેથી વધુ માર્કસ મેળવી ઉતીણ થયેલ હોય તેઓની જ અરજી સ્વીકારવામાં આવશે.
3. શ્રેણી ૧૨ના વિજ્ઞાન, વાણિજય અને વિનયન પ્રવાહ માટે અલગ–અલગ ઈનામો આપવામાં આવશે.
4. વિદ્યાર્થીએ મેળવેલ શારિરીક શિક્ષણ અને સઉકા સિવાયના પાંચ વિષયોના માર્કસને ગણતરીમાં લઈને તેની ટકાવારી કાઢી જે તે શ્રેણી કે પ્રવાહમાં મેળવેલ વધુમાં વધુ ગુણ (ટકા) મુજબ પ્રથમ, દ્રિતિય, તૃતિય ઈનામ આપવામાં આવશે.
5. ઈનામ માટે અરજી કરનાર સભ્યશ્રી એ પોતાના પુત્ર/પુત્રીએ જે તે શાળામાં જે તે શ્રેણીમાં અભ્યાસ કર્યો હોય તેની ગુણપત્રકની પ્રમાણિત નકલ સાથેની અરજી તા. ૫.૬.૨૦૧૮ ના સાંજના ચાર વાગ્યા સુધીમાં પહોંચતી કરવાની રહેશે.
6. ઈનામ માટેનો નિર્ણય કર્મચારી કલ્યાણ મંડળની કારોબારી સમિતિ કરશે અને તે સર્વેને બંધનકર્તા અને આખરી રહેશે.
7. **અરજીમાં આજીવન સભ્ય ફી ભરી હોય તેનો રસીદ નંબર અને તારીખ અવશ્ય જણાવવાની રહેશે અથવા તો સભ્યપદ અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.**

જા.નં. ક.ક.મ.નવસારી/ઈનામ/ ૧ /૨૦૧૮
નવસારી તા. ૧૫ /૦૫/૨૦૧૮

મંત્રી
કર્મચારી કલ્યાણ મંડળ

**નકલ સવિનય રવાનાઃ–**

1. પ્રતિ, તમામ કારોબારી સભ્યશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
2. પ્રતિશ્રી, યુનિટ/સબયુનિટ અને વિભાગીય વડાઓ તરફ જાણ સારૂ તથા આપના વિભાગના તમામ આજીવન સભ્યશ્રીઓને જાણ કરવા સારૂ.

# અરજી અંગેનો પ્રર્ફોમા

કર્મચારી/સભ્યુનં નામ:
હોદ્દો
કચેરીનું નામ :
મો.
તા.

પ્રતિ,
પ્રમુખશ્રી,
કર્મચારી કલ્યાણ મંડળ,
નવસારી કૃષિ યુનવિર્સિટી,
નવસારી

વિષય : સને.૨૦૧૭–૧૮ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન ઉર્તિણ થયેલ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહીત કરવા બાબત...

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, આ સાથે મારા બાળક ચિ. ................................................એ સને.૨૦૧૭–૧૮ દરમ્યાન ધોરણ–.........માં ........................................................સ્કુલમાં અભ્યાસ કરતો હતો જેમા તેને ..................% ગુણ પ્રાપ્ત કરેલ છે, જેની પ્રમાણિત નકલ આ સાથે સામેલ રાખી મોકલવામાં આવે જે આપશ્રીને વિદિત થવા વિનંતી છે.

સહી....

C:\Users\NMCA\Desktop\Paripatra 2018 KKM Inam.doc